# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

**Phone No: (0261) 2662902, Email***suratdeo@gmail.com*, *Web – deosurat.org*

सत्यमेव जयते


જા.નં.મા-૨/INSPIRE-MANAK Scheme/૨૦૨૫/9979 તા.12/૦૮/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ.સુરત.

<u>વિષય</u>:- શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે INSPIRE-MANAK Scheme બાબત.
<u>સંદર્ભ</u>:- ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના પત્રાંકઃ
જીસીઈઆરટી/science/૨૦૮૮૧-૯૧૪ તા.૧૨/૦૮/૨૦૨૫.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે INSPIRE-MANAK Scheme અંતર્ગત ઓનલાઈન શાળા રજીસ્ટ્રેશન અને ઓનલાઈન વિદ્યાર્થી નોમીનેશન પ્રક્રિયા તા.૧૫/૦૬/૨૦૨૫ થી ૧૫/૦૯/૨૦૨૫ સુધી થનાર છે. સદર બાબત અન્વયે ૬ થી ૮ ધોરણ ધરાવતી શાળા દ્વારા ૩ (ત્રણ) અને ૯ થી ૧૨ ધોરણ ધરાવતી શાળાઓ વિદ્યાર્થીઓના ૨ (બે) best original ideas/ innovations E-Management of INSPIRE Awards scheme (E-MIAS) web portal (www. inspireawards-dst.gov.in) પર વિદ્યાર્થી/શાળા દ્વારા અપલોડ કરવાના રહેશે. સદર યોજના અન્વયે જે વિદ્યાર્થીના original ideas/ innovations પસંદ થાય તે વિદ્યાર્થીના ખાતામાં રૂ. ૧૦,000/- એવાર્ડ રકમ તરીકે જમા થશે. આ સંદર્ભે innovation foundation-india દ્વારા INSPIRE-MANAK App તૈયાર કરવામાં આવે છે. જે ગુગલ પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરી શકશે. સદર યોજના અન્વયે અત્રે જિલ્લાની મહત્તમ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા સમય મર્યાદામાં વિદ્યાર્થીઓના original ideas/ innovations અપલોડ કરવા જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ. સુરત

ક્રમાંક : જીસીઈઆરટી/Science/20661-914
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : : www.gcert.gujarat.gov.in
તારીખ : 12-8-2025

પ્રતિ,
પ્રાચાર્યશ્રી, જિ.શિ.તા.ભવન, તમામ.
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.

વિષય: **Opening of online Nominations for 2025-26 under INSPIRE – MANAK Scheme**
સંદર્ભ: **DST, New Delhi Letter, dated- 29/05/2025.**

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે INSPIRE – MANAK Scheme એ ભારત સરકારના Department of Science and Technology, India and National Innovation Foundation-India ના સંયુકત ઉપક્રમે અમલીકૃત યોજના છે. આ અન્વયે પ્રતિવર્ષની જેમ વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઓન લાઇન શાળા રજીસ્ટ્રેશન અને ઓનલાઇન વિધાર્થી નોમીનેશન પ્રક્રિયા ૧૫/૦૬/૨૦૨૫ થી શરૂ થયેલ છે. અને તા. ૧૫/૦૯/૨૦૨૫ના રોજ બંધ થનાર છે.

આ અન્વયે ધોરણ ૬ થી ૮ ધોરણ ધરાવતી શાળા દ્વારા ૩ અને ધોરણ ૯ -૧૨ ધરાવતી શાળા દ્વારા ૨ best original ideas/ innovations E-Management of INSPIRE Award Scheme ( E-MIAS) web portal (www. inspireawards-dst.gov.in) પર વિધાર્થી/ શાળા દ્વારા અપલોડ કરવાના થાય છે. આ યોજના અન્વયે જે વિધાર્થીના original ideas/ innovations પસંદ થાય છે તે વિધાર્થીના ખાતામાં રૂ. ૧૦૦૦૦ એવોર્ડ રકમ તરીકે જમા થાય છે તમામ ડાયટ પાસે શાળા રજીસ્ટ્રેશન અને નોમીનેશન પ્રક્રિયા અંગેની ગાઇડલાઇન ઉપલબ્ધ છે. શાળાઓને આ સંદર્ભે જરૂરી માર્ગદર્શન ડાયટ- જિલ્લા નોડલ અધિકારી/ વિજ્ઞાન સલાહકાર દ્વારા મળશે. આ સંદર્ભે Innovation Foundation-India દ્વારા નોમીનેશન પ્રક્રિયા માટે મોબાઇલ એપ INSPIRE – MANAK App તૈયાર કરવામાં આવેલ છે. જેને ગુગલ પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરી શકાશે. જેની લીંક પ્રાચાર્ય તથા વિજ્ઞાન સલાહકારના ગ્રુપમાં મુકવામાં આવેલ છે. જે ને આપની કક્ષાએથી તમામ સંબધિતને મોકલવા જણાવવામાં આવે છે.

આ સંદર્ભે તમામ ડાયટ પ્રાચાર્યશ્રીએ ડીઇઓશ્રી અને ડીપીઇઓશ્રી સાથે બેઠક કરી તમામ શાળાઓ દ્વારા સમયમર્યાદામાં મહત્તમ નોમીનેશન થાય એ મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

1218

1218.

ડાયટ તાલુકા લાયઝન દ્વારા એસવીએસ અને બીઆરસી-સીઆરસી સાથે સંકલન કરી કેટલી શાળાઓનું નોમીનેશન થયુ અને કેટલી શાળાઓ બાકી તે અંગેની વિગતોની નોંધ કરવાની રહેશે. ડાયટના આ કામગીરી સાથે સંકળાયેલ જિલ્લા નોડલ અધિકારી/ વિજ્ઞાન સલાહકારે તાલુકા લાયઝન સાથે આ તમામ બાબતોનું સંકલન કરવાનું રહેશે.

ઉપરોકત તમામ વિગતો ધ્યાને લઇ ડાયટ દ્વારા પ્રાચાર્યશ્રી, ડીઇઓશ્રી, ડીપીઇઓશ્રીની સંયુકત સહીથી પત્ર તમામ એસવીએસ કન્વીનર/ ટીપીઇઓ/ બીઆરસી/સીઆરસી તથા તમામ શાળાઓને સમયમર્યાદામાં મહત્તમ નોમીનેશન કરવા સંદર્ભે જાણ કરવા જણાવવામાં આવે છે. જીસીઇઆરટી દ્વારા અગાઉ પ્રસિધ્ધ કરવામાં આવેલ માસિક અંક જીવન શિક્ષણમાં પણ આ યોજના અંગે અને શાળા રજીસ્ટ્રેશન અને ઓનલાઇન નોમીનેશન પ્રક્રિયા અંગે વિગતો આપવામાં આવેલ છે. જેમાં QR Code માં પ્રક્રિયા અંગેના વીડીઓ પણ આપેલ છે જે આપને મદદરૂપ થશે. આ સાથે Department of Science and Technology, India થી આવેલ પત્ર સામેલ છે. જેમાં પત્રમાં આપેલ E-MIAS portal પર આપેલ લીંક દ્વારા ઓનલાઇન પ્રક્રિયા કરી શકાશે. શાળાના શિક્ષક દ્વારા આ લીંકના માધ્યમથી તમામ વિગતોનો અભ્યાસ કરી વિધાર્થીની તમામ માહિતી તૈયાર કરી ઓનલાઇન પ્રક્રિયા કરવામાં આવશે તો સરળતાથી કામગીરી થઇ શકશે.

**આજ રોજ એનઆઇએફ તરફથી મળેલ માહિતી મુજબ તમામ જિલ્લાઓમાં ખુબ ઓછી સંખ્યામાં નોમીનેશન થયેલ છે. જે અંગે જિલ્લાવાર વિગત આ સાથે સામેલ છે. જે ધ્યાને લઇ આપની કક્ષાએથી ઉપર જણાવેલ સમયમર્યાદામાં મહત્તમ નોમીનેશન અંગે જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.**

**આભાર સહ,**

પી કે ત્રિવેદી
**નોડલ ઓફીસર અને નિયામક,**
**INSPIRE – MANAK Scheme**
**જીસીઇઆરટી, ગાંધીનગર.**

**નકલ સવિનય જાણ સારૂઃ**

- **Dr. Arvind C Ranade, Director, NIF,Gandhinagar, Gujarat.**

भारत सरकार
विज्ञान और प्रौद्योगिकी मंत्रालय
विज्ञान और प्रौद्योगिकी विभाग
टेक्नोलॉजी भवन, नया महरौली मार्ग,
नई दिल्ली–110016
GOVERNMENT OF INDIA
MINISTRY OF SCIENCE AND TECHNOLOGY
DEPARTMENT OF SCIENCE AND TECHNOLOGY
TECHNOLOGY BHAWAN, NEW MEHRAULI ROAD,
NEW DELHI-110016

दूरभाष/TEL : 26962819, 26567373
: 26562134, 26562122 (EPBAX)
फैक्स/FAX : 26569908, 26515637
: 26863847, 26862418
वेबसाइट/website : www.dst.gov.in

F. No. DST/S&TCB/INSPIRE-MANAK/NOMINATIONS/2025-26 Dated: 29th May, 2025

To,

State Nodal Officers (INSPIRE - MANAK Scheme) of all States/UTs *(in Name covers)*

**Subject:** Opening of online nominations for 2025-26 under INSPIRE - MANAK Scheme.

Sir/Madam,

As you may be aware that INSPIRE - MANAK Scheme is a flagship program implemented by this Department with a basic objective to instil creative/innovative thinking among school students.

2. The MANAK Scheme envisages to target one million original innovative ideas from students studying in more than five lakh middle and high schools across the country and selecting the best ideas having potential to cater to societal needs and applications, thereby motivating these students to take these ideas forward for prototype and product development.

3. It has been decided to include students of Class XI and Class XII in the eligibility criteria of the Scheme. Thus, from this year onwards school students studying in class 6-12 will be eligible to submit their ideas. It may kindly be noted that the registered schools under the INSPIRE - MANAK Scheme, in each financial year, can nominate 5 best ideas from their schools, through online mode, in E Management of INSPIRE – MANAK Scheme (E-MIAS) web portal of the Department using the link: www.inspireawards-dst.gov.in.

4. **The online nominations for 2025-26, will resume from 15th June, 2025. The schools will be able to submit their online nominations till 15th September, 2025.**

5. I request you to please direct all the concerned State and District functionaries, to apprise all the schools under their purview, about the inclusion of class 11 and 12 students and opening of online nominations under the MANAK scheme for 2025-26 and the given deadline. **The schools may be suitably informed to register and submit their nominations well before the given deadline to avoid last minute inconveniences encountered due to heavy load in the E-MIAS web portal.**

6. I also look forward to your kind cooperation in further expanding the outreach of this unique scheme, by expediting the registration of schools yet to be covered under this scheme, from your State/UT, so that young students with an appetite for creativity and innovation can be provided with rightful platform to showcase their talent.

**Yours sincerely**

**(Dr. Sandeep Bansal)**

Copy To:

1. Dr. Arvind C Ranade, Director, National Innovation Foundation, Gandhinagar, Gujarat – 382650.